મહાનગરપાલિકાઓ/ નગરપાલિકાઓમાં સફાઈ કામદારો મારફત ભુગર્ભ ગટરની સફાઈની કામગીરી કરાવવા પર પ્રતિબંધ મુકવા અને સફાઈ કામદારોના અપમૃત્યુ- અકસ્માત રોકવા અંગે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: UDUHD/MSM/e-file/18/2023/2387/R Section,
સચિવાલય, ગાંધીનગર,

**<u>વંચાણે લીધા: -</u>**

(૧) રીટ પીટીશન (સીવિલ) ક્રમાંક: ૫૮૩/૨૦૦૩ સંદર્ભમાં નામ. સુપ્રિમકોર્ટનો તા.૨૭.૦૩.૨૦૧૪ નો ચૂકાદો

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર નો તા.૧૬.૧૨.૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: ઈએસટી/૧૩૨૦૦૧/૩૫૮૪/આર

(3) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર નો તા.૧૦.૦૫.૨૦૧૯ નો પરિપત્ર ક્રમાંક: ઈએસટી/૧૩૨૦૦૧/૩૫૮૪/આર

( ૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર નો તા.૦૬.૦૯.૨૦૨૩ નો પરિપત્ર ક્રમાંક: UDD/MSM/e-file/18/2023/3787/R

(૫) રીટ પીટીશન (સીવિલ) ક્રમાંક: ૩૨૪/૨૦૨૦ Dr. Balram Singh V/S Union of India and Ors. સંદર્ભમાં નામ. સુપ્રિમકોર્ટનો તા.૨૦.૧૦.૨૦૨૩ નો ચૂકાદો

(૬) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૩/૧૧/૨૦૨૩ ના પત્ર ક્રમાંક: SJED/GSK/e-file/17/2023/2866/G

**<u>પરિપત્ર:</u>**

કેન્દ્ર સરકાર દ્વારા મેન્યુઅલ સ્કેવેન્જર્સની પ્રથા નાબુદ કરવા સંદર્ભે, "The Prohibition of Employment as Manual Scavengers and their Rehabilitation Act, 2013 તા.૧૯.૦૯.૨૦૧૩ થી તે હેઠળના 'The Prohibition of Employment as Manual Scavengers and their Rehabilitation Rules, 2013 તા.૧૨.૧૨.૨૦૧૩ થી સમગ્ર દેશમાં અમલમાં મુકવામાં આવેલ છે. ઉક્ત અધિનિયમ અને નિયમોની જોગવાઈઓ મુજબ તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ / શહેરી વિકાસ સત્તા મંડળ વિસ્તારમાં ભૂગર્ભ ગટરોની સફાઈની કામગીરી માટે સફાઈ કામદાર/વ્યક્તિને ભૂગર્ભ ગટરમાં ઉતારવા માટે મનાઈ ફરમાવવામાં આવેલ છે. વધુમાં, ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ (૨), (૩) અને (૪) પરના પરિપત્રોથી ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ/ સત્તામંડળોમાં મેન્યુઅલ સ્કેવેંજીંગ પર પ્રતિબંધ મુકતી સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમ-(૧) પરના નામ. સુપ્રિમ કોર્ટના તા. ૨૭/૦૩/૨૦૧૪ ના ચુકાદા મુજબ વર્ષ ૧૯૯૩ થી ગટર ગૂંગળામણને કારણે મૃત્યુ પામેલ સફાઈ કામદારોના મૃત્યુના કેસમાં સફાઈ કામદારોના વારસદારોને રૂ.૧૦.૦૦ લાખનું વળતર ચુકવવા આદેશ આપવામાં આવેલ છે, જેમાં વંચાણે લીધા ક્રમ (૫) પરના નામ. સુપ્રિમ કોર્ટના તા.૨૦/૧૦/૨૦૨૩ના ચુકાદાથી વધારો કરીને રૂ.૩૦.૦૦ લાખ કરવામાં આવેલ છે. જે મૃતકોના વારસદારોને રૂ.૧૦.૦૦ લાખ ચુકવણુ કરવાનુ બાકી હોય તેવા તમામ વારસદારોને રૂ.૩૦.૦૦ લાખનુ ચુકવણું કરવાનું રહેશે. ગટર સફાઈ દરમિયાન ઉદ્ભવતી દિવ્યાંગતાના કિસ્સામાં દિવ્યાંગતા અનુસાર ન્યુનતમ રૂ. ૧૦.૦૦ લાખનું વળતર તથા કાયમી દિવ્યાંગતાના કિસ્સામાં ન્યુનતમ રૂ.૨૦.૦૦ લાખનું વળતર ચુકવવા આદેશ કરવામાં આવેલ છે તથા ગટર સફાઈ દરમિયાન થતા મૃત્યુના કિસ્સામાં અને ખાસ કરીને જ્યાં પણ કરાર આધારિત અથવા "આઉટસોર્સ" કામ દરમિયાન ગટરના મૃત્યુ થાય છે ત્યા જવાબદારી સુનિશ્ચિત કરવા માટે એક યોગ્ય મિકેનિઝમ ઘડવા આદેશ આપેલ છે.

વંચાણે લીધા ક્રમ (૬) પરના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૩/૧૧/૨૦૨૩ ના પત્ર મુજબ ચેરમેનશ્રી, રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગ દ્વારા તા.૧૭/૧૧/૨૦૨૩ના રોજ રાજ્યની મુલાકાત દરમિયાન તેઓએ ગટર ગૂંગળામણના કારણે થતા મૃત્યુના કિસ્સાઓમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સાથે સંકળાયેલા સફાઈ કામદારોની સરખામણીમાં ખાનગી સંસ્થાઓ/ સોસાયટીઓ/ કોન્ટ્રાક્ટર દ્વારા ગટર સફાઈ માટે રોકાયેલા કામદારોના મૃત્યુના કિસ્સા વધુ બનતા હોય છે જેનું કારણ જાહેર જનતામાં તથા ખાનગી સંસ્થાઓમાં પ્રોહીબીશન ઓફ એમ્પલોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એક્ટ-૨૦૧૩ તથા નામ. સુપ્રિમ કોર્ટના તા.૨૦/૧૦/૨૦૨૩ના ચુકાદા અંગે જાણકારીને અભાવ છે, જેથી આ બાબતે જાગૃતતા વધારવા પ્રયત્નો કરવા સૂચન કરેલ. તથા ગટર સફાઈ દરમિયાન થતા મૃત્યુ તથા દિવ્યાંગતાના કિસ્સામાં જે વ્યક્તિ/સંસ્થા/સોસાયટી/ કોન્ટ્રાક્ટર દ્વારા સફાઈ કામદારોને ગટર સફાઈ માટે રોકવામાં આવેલ હોય તે જવાબદાર વ્યક્તિ/સંસ્થા/સોસાયટી કોન્ટ્રાક્ટર દ્વારા ઉક્ત વળતરનું ચુકવણું કરવાનું રહે છે. વધુમાં, જવાબદાર વ્યક્તિ/સંસ્થા/સોસાયટી/ કોન્ટ્રાક્ટર વિરૂધ્ધ કાનૂની કાર્યવાહી કરવાની રહે છે.

આથી, વિભાગના ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) ઉપરના તા.૧૬.૧૨.૨૦૧૬ ના ઠરાવ અને વંચાણે લીધેલ ક્રમ (૩) ઉપરના તા.૧૯.૦૫.૨૦૧૯ ના પરિપત્ર તથા તા.૦૬/૦૯/૨૦૨૩ના પરિપત્રથી આપવામાં આવેલ સૂચનાઓ ઉપરાંત નીચે મુજબની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા તમામ મહાનગરપાલિકા /નગરપાલિકાઓ/સત્તામંડળો તથા કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટીસ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અને તમામ પ્રાદેશિક કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટીસને જણાવવામાં આવે છે.

(૧) વર્ષ ૧૯૯૩ થી ગટર ગૂંગળામણને કારણે મૃત્યુ પામેલ સફાઇ કામદારોના મૃત્યુના કેસમાં સફાઇ કામદારોના વારસદારોને રૂ. ૧૦-૦૦ લાખનું વળતર ચુકવવા આદેશ આપવામાં આવેલ છે, જેમાં નામ. સુપ્રિમ કોર્ટના તા.૨૦/૧૦/૨૦૨૩ના ચુકાદા મુજબ વધારો કરીને રૂ. ૩૦-૦૦ લાખ કરવામાં આવે છે. જે મૃતકોના વારસદારોને રૂ. ૧૦-૦૦ લાખ ચુકવણુ કરવાનુ બાકી હોય તેવા તમામ વારસદારોને રૂ.૩૦-૦૦ લાખનું ચુકવણુ કરવાનું રહેશે.

(૨) ગટર સફાઈ દરમિયાન ઉદ્ભવતી દિવ્યાંગતાના કિસ્સામાં દિવ્યાગતા અનુસાર ન્યુનતમ ૧૦.૦૦ લાખનું વળતર તથા કાયમી દિવ્યાંગતાના કિસ્સામાં ન્યુનતમ રૂ. ૨૦.૦૦ લાખનું વળતરનું ચુકવણું કરવાનું રહેશે.

(૩) ગટર સફાઈ દરમિયાન થતા મૃત્યુ તથા દિવ્યાંગતાના કિસ્સામાં જે વ્યકિત/સંસ્થા/સોસાયટી/કોન્ટ્રાક્ટર દ્વારા સફાઈ કામદારોને ગટર સફાઈ માટે રોકવામાં આવેલ હોય તે જવાબદાર વ્યકિત/સંસ્થા/સોસાયટી/કોન્ટ્રાક્ટર દ્વારા ઉક્ત વળતરનું ચુકવણુ કરવાનું રહેશે. વધુમાં વ્યકિત સંસ્થા સોસાયટી કોન્ટ્રાક્ટર વિરૂધ્ધ કાનૂની કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ગટર સફાઈ દરમિયાન થતા મૃત્યુના કિસ્સામાં મૃત્યુ પામેલ સફાઈ કામદારના સંબંધમાં સંપૂર્ણ પુનર્વસન (જેમાં નજીકના સંબંધીઓને રોજગાર, વોર્ડને શિક્ષણ અને કૌશલ્ય તાલીમ સહિત) પગલાં લેવાના રહેશે.

(૫) જો સફાઈ કામનો કોન્ટ્રાકટ સ્થાનિક સંસ્થા દ્વારા કોઈ એજન્સી કે કોન્ટ્રાકટરને આપવામાં આવેલ હોય તો સંબંધિત કોન્ટ્રાકટર દ્વારા રૂ.૩૦.૦૦ લાખનો વીમો સફાઈ કર્મચારી દીઠ લેવો ફરજિયાત છે તેવી જોગવાઈ આવા કોન્ટ્રાકટમાં અચૂક કરવાની રહેશે.

તમામ નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓ/સત્તામંડળોએ ગટરોની સફાઈની કામગીરી સાથે સંકળાયેલ સફાઈ કામદારોનો રૂ.૩૦.૦૦ લાખના ફરજિયાત વીમાની જોગવાઈ કરવાની રહેશે. અને જો વીમો લીધેલ ન હોય તો ગટર સફાઈની કામગીરી સાથે સંકળાયેલ સફાઈ કામદારોનું કામગીરી દરમિયાન મૃત્યુ થાય તો રૂ.૩૦.૦૦ લાખનું વળતર મહાનગરપાલિકા/નગરપાલિકાના સ્વભંડોળમાંથી ચૂકવવાનું રહેશે.

(૬) પ્રોહીબીશન ઓફ એમપ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એક્ટ-૨૦૧૩ તથા નામ. સુપ્રિમ કોર્ટના તા.૨૦/૧૦/૨૦૨૩ના ચુકાદા અંગે ખાનગી વ્યકતિઓ/ ખાનગી સંસ્થાઓ સોસાયટીઓ કોન્ટ્રાક્ટરો દ્વારા ગટર સફાઈ માટે રોકાયેલા કામદારના મૃત્યુના કિસ્સા બનતા અટકે તે માટે મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ/સત્તામંડળોએ જાગૃતતા વધારવા માટેના પ્રયત્નો કરવાના રહેશે.

(૭) દરેક મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ/સત્તામંડળોએ 'ખાનગી વ્યકતિઓ / ખાનગી સંસ્થાઓ/ ખાનગી સોસાયટીઓ/કોન્ટ્રાક્ટરો દ્વારા ભૂગર્ભ ગટરમાં ઉતરવુ કે કોઈને ઉતરવા માટે ફરજ પાડવી નહી તેમજ આવા ગેરકાયદેસર કૃત્ય માટે જવાબદારો સામે ફોજદારી ગુનો દાખલ કરવામાં આવશે' તે પ્રકારની જાહેરાત દર્શાવતા હોર્ડીંગ/ જાહેરાત તેઓની કચેરી આગળ જાહેર જનતાને દેખાય તે રીતે પ્રદર્શિત કરવાની રહેશે.

(૮) મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ/સત્તામંડળોએ ઉપર જણાવેલ બાબતે ખાનગી વ્યકતિઓ/ ખાનગી સંસ્થાઓ/ખાનગી સોસાયટીઓ/કોન્ટ્રાક્ટરોમાં કાયદાની જોગવાઇઓ, તેના ભંગ બદલની ફોજદારી કાર્યવાહી, સફાઇ કામદારો મારફતે ભૂગર્ભ ગટરની સફાઇની કામગીરી કરાવવા પરનો પ્રતિબંધ વિગેરે બાબતે જાહેર જનતામાં જનસંપર્ક અને મિડીયા સહિતના માધ્યમથી નામ. સુપ્રિમ કોર્ટના તા.૨૦/૧૦/૨૦૨૩ના ચુકાદા પ્રત્યે સંવેદનશીલતા તથા જાગૃતિ ફેલાવવાની કાર્યવાહી કરવાની રહેશે તેમજ આ અંગે સમયાંતરે નિયમિત સમીક્ષા કરવાની રહેશે.

ઈ-સાઈન
(મનીષ.સી.શાહ)
નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રી ના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટીસ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ કલેક્ટરશ્રીઓ
- સંયુકત સચિવશ્રી(શ.વિ.), શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગ
- તમામ પ્રાદેશિક કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટીસ,
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે ચીફ ઓફીસરશ્રીઓ (કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટીસ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત)
- શાખા સિલેક્ટ ફાઈલ/ના.સે.અ. સી.ફા.

Signature Not Verified
Signed by:Manish C Shah
Deputy Secretary
Date: 2024.04.22
11:01:47 +05:30

Signature Not Verified
Signed by:Manish C Shah
Deputy Secretary
Date: 2024.04.22
11:01:47 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

સેની.જા.નં.૬૯૩ જેતપુર નવાગઢ નગરપાલિકા તા.૧૪/૭/૨૦૨૩

**::જાહેરનામું ::**

**( ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ની કલમ ૪૪(૨) થી મળેલ સત્તાઓ અન્વયે)**

આથી જેતપુર નવાગઢ નગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ ખાનગી સોસાયટીઓ/ફલેટો/રહેણાંક વસાહતો/ હોટલો/ રેસ્ટોરાંઓ/હોસ્પીટલો/પેઢીઓ/ કારખાનાઓ/ સંસ્થાઓ અને ભુગર્ભ ગટર/ ખાળકુવાની સફાઈ સાથે સંકળાયેલા ઈજારદારો અને ખાનગી સફાઈ કામદારોને જણાવવામાં આવે છે કે, કેન્દ્ર સરકાર દવારા મેન્યુઅલ સ્કેવેન્જર્સની પ્રથા નાબુદ કરવા સંદર્ભ "ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એકટ– ૨૦૧૩ "નો અમલ તા.૧૯/૯/૨૦૧૩ થી તેમજ તે હેઠળના નિયમોનો અમલ તા.૧૨/૧૨/૨૦૧૩ થી સમગ્ર દેશમાં કરવામાં આવેલ છે. જેની જોગવાઈઓ મુજબ ભુગર્ભ ગટર/ખાળકુવાની સફાઈની કામગીરી માટે સફાઈ કામદારોને ભુગર્ભ ગટર/ખાળકુવામાં ઉતરવા/ ઉતારવાની સંપુર્ણ પણે મનાઈ ફરમાવેલ છે અને આ પ્રકારે ભુગર્ભ ગટર/ખાળકુવામાં ઉતરવા કે કોઈને ઉતારવા માટે ફરજ પાડવાને ગેરકાયદેસર કૃત્ય ગણવામાં આવેલ છે. અને આવું ગેરકાયદેસર કૃત્ય કરનાર સામે ફોજદારી રાહે પગલાં લેવાના થાય છે.વધુમાં આ બાબતે નામ.સુપ્રિમકોર્ટ તરફથી તા.૨૭/૩/૨૦૧૪ ના ચુકાદાથી આપેલ આદેશોનું પણ ઉપરોકત તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહે છે. જે મુજબ અસરકર્તા સફાઈ કામદારને ચુકવવા પાત્ર વળતરની સંપુર્ણ રકમ રૂા.૧૦ લાખ સબંધિત સંસ્થાના હોદેદારો/માલિકોએ ભોગવવાની રહે છે.

જેતપુર નવાગઢ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તમામ રહેણાંક વિસ્તારમાં આવેલ મકાનો, વાણીજય વિસ્તારો, ઔધોગીક એકમોમાં હયાત સેપ્ટિક ટેન્કની સફાઈ/ખાળકુવા સફાઈ નિયમિત કરવાની રહેશે અને વધુમાં વધુ ત્રણ વર્ષની સમયમર્યાદામાં જેતપુર નવાગઢ નગરપાલિકા પાસે મશીનરી દ્વારા સ્વ ખર્ચે કરાવવાની રહેશે.જેનો પ્રતિ ફેરા–૧ ના રૂા.૨૪૦૦/– વહીવટી ચાર્જ ન.પા. ને ચુકવવાનો રહેશે. સદરહું માહિતી મુજબ જો કોઈ વ્યકિત કાયદાનો ભંગ કરશે તો નગરપાલિકા દ્વારા જવાબદાર સામે નિયમ મુજબ દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. આ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી તાત્કાલીક અમલમાં રહેશે.

| | |
|---|---|
| (અશ્વીનભાઈ ગઢવી) | (રાજેશભાઈ આલ) |
| ચીફ ઓફીસર | વહીવટદાર |
| જેતપુર નવાગઢ નગરપાલિકા | જેતપુર નવાગઢ નગરપાલિકા |

(માહિતી/રાજ/૮૩૮/૨૩)